# સ્પ્રીંગ, રેગવીડ એલર્જી (Spring, ragweed allergy)ની હોમીયોપેથીક સારવાર

હમણા ગયા અઠવાડિયે રેડિયો પર ચર્ચા સાંભળી allergy ઉપર, ખાસ કરી જ્યારે સ્પ્રીંગમાં પોલન (Pollen)ને કારણે રેગવીડને કારણે. એક રેડિયો કોલરે કહ્યું કે એમને ઘણી ખરાબ પ્રકારની Pollen allergy છે અને દર અઠવાડિયે એમણે એલર્જી શોટ (injection) લેવા પડે છે. આમ ઘણા રેડિયો કોલર્સે પોતાને થતી સ્પ્રીંગ એલર્જીની તકલીફ વિશે વાત કરી, ઘણાએ ઘરગથ્થું ઉપચારો કહ્યા. તો મને થયું કે આટલા બધા લોકો આ તકલીફથી શું કામ પીડાય છે. જ્યારે હોમીયોપથીમાં એલર્જી મટાડવા અક્સીર દવાઓ છે. કદાચ લોકોને ખબર નહીં હોય કે હોમીયોપથીમાં એલર્જીની સારવાર માટે દવાઓ છે અથવા કોઈએ થોડો સમય હોમીયોપેથીક દવા કરી હશે પણ દવાનો કોર્સ પુરો કરતા પહેલાં છોડી દીધી હશે. મારો ૨૫ વર્ષનો અનુભવ એમ કહે છે કે એલર્જી હોમીયોપેથીક દવાથી ચોક્કસ મટી શકે છે. તો ચાલો આજે આપણે થોડું સ્પ્રીંગ તથા રેગવીડ એલર્જી વિશે સમજીએ.



સ્પ્રીંગ જ્યારથી શરૂ થઈ છે ત્યારથી રેડિયો ઉપર અને પેપરમાં દવાની કંપનીની જાહેરખબર સાંભળવા, વાંચવા મળે છે. ક્લિનીકલ ટ્રાયલ (clinical trial) માટે અને જે લોકો એમાં ભાગ લે એમને ઈનામનો લોભ પણ અપાય છે.

સ્પ્રીંગ શરૂ થાય એટલે ઝાડ, છોડ, ઘાસ જાણે કે જીવંત થઈ જાય, એમાં કુંપળો ફુટવા માંડે, પાંદડા આવવા શરૂ થાય અને હવામાં એમના પોલન (Pollen) તરતા થઈ જાય. આ પોલન આપણા શરીરમાં શ્વાસ દ્વારા પ્રવેશે છે. પણ જે લોકો એનાથી એલર્જીક હોય એમને તકલીફ કરે છે. ઝાડના પોલન સ્પ્રીંગમાં નીકળે છે, ઘાસના પોલન જુન મહીનામાં નીકળે છે અને રેગવીડના પોલન ઓગષ્ટ, સપ્ટેમ્બર મહિનામાં નીકળે છે. એટલે આ મહીનાઓમાં એલર્જી વધુ જોવા મળે છે. આ બધામાં રેગવીડને કારણે ૭૫% લોકો હેરાન થાય છે.

એલર્જીક રાહીનાઈટીસ (allergic rhinitis) અથવા હે ફીવર (hay fever) આ તકલીફનું તબીબી નામછે. એલર્જીની શરદી, સામાન્ય શરદી (common cold)ની જેમ વાઈરસ (virus)થી નથી થતી.

એલર્જી એટલે કોઈ વસ્તુ પ્રતિ આપણી રોગ પ્રતિકારક શક્તિનું abnormal reaction. આપણું શરીર જ્યારે પણ કોઈ વસ્તુ કે પદાર્થના સંપર્કમાં આવે - ચામડી દ્વારા, શ્વાસોશ્વાસ દ્વારા, ખોરાકમાં વગેરે ત્યારે આપણી રોગપ્રતિકારક શક્તિ એ નક્કી કરતી હોય છે કે આ વસ્તુ અથવા પદાર્થ શરીર માટે હાનિકારક છે કે મદદરૂપ છે. જો મદદરૂપ લાગે તો એને સ્વીકારે છે અને જો હાનિકારક લાગે તો એનો વિરોધ કરે છે. અને વિરોધ કરે છે ત્યારે અમુક પ્રકારના લક્ષણો શરીરમાં ઊભા કરે છે જેને એલર્જી કહે છે.

લક્ષણો :- છીંકો આવવી - એક, બે નહીં પણ ૨૫, ૫૦, ૧૦૦ જેટલી છીંકો આવે; આંખો લાલ થઈ જાય, ખંજવાળ આવે; નાક બંધ થઈ જાય, પાણી નીકળે, શ્વાસ લેવામાં તકલીફ થાય; આંખમાંથી પાણી નીકળે, આંખો સુજી જાય; તાળવામાં, ગળામાં ખંજવાળ આવે; માથુ દુખે, સાઈનસ (sinus)માં દુખાવો થાય; ઊંઘ નહીં આવે; કાનની તકલીફ થાય; સ્વભાવ ચીડીયો, ગુસ્સાવાળો થઈ જાય વગેરે.

કારણ :- તબીબી વિજ્ઞાન એલર્જીનું ચોક્કસ કારણ નથી જાણી શક્યું. pollen, ઘાસ, રેગવીડ એ બધા કારણો નહીં કહેવાય એલર્જીના, પણ આપણું શરીર શું કામ આ બધાને બીજા તંદુરસ્ત વ્યક્તિઓની જેમ સહન નથી કરી શકતું એ જાણીએ તો એ કારણ કહેવાય. ઘણા દર્દીઓની માહિતીઓ અને અવલોકન પછી એવું તારણ બાંધવામાં આવ્યું છે કે એવા ઘણા કારણો છે જે કદાચ કારણભુત હોય એલર્જી શરૂ કરવામાં, દા.ત. શારીરિક / માનસિક તાણ (stress, tension); માંદગીઓને દવાઓથી દબાવી દેવાથી, દવાઓની આડઅસર; જાતો જાતો દવા લેવાથી; vaccinations; એલર્જી વારસાગત જોવા મળે છે.

નિદાન :- દર્દીની મેડીકલ હીસ્ટ્રીથી એલર્જીનું નિદાન કરી શકાય છે. એલર્જી ટેસ્ટ, સ્કીન ટેસ્ટ, Ig E, Total Serum Ig E test.

સારવાર :- સામાન્ય રીતે એલર્જી કરતી વસ્તુ પદાર્થથી દૂર રહેવું એ પહેલી સલાહ છે. પણ અહીંયા શ્વાસ લેવાનો કેવી રીતે બંધ કરવો. Allopathy એલર્જી માટે - antihistamines, decongestants, corticosteroids અથવા immunotherapy (allergy shots) સારવાર અપાય છે. આ દવાઓની ઘણી આડ અસરો છે, દા.ત. ઊંઘ આવવી, મોઢું સુકાઈ જવું, હૃદયના ધબકારા વધી જવા, ઝાંખું દેખાવું, કબાજીયાતા, blood pressure વધી જવું, માથાનો દુખાવો, અનિંદ્રા, વગેરે. આ દવાઓ રોગને મટાડતી નથી પણ એલર્જીના લક્ષણોને કાબુમાં રાખે છે. જેવી દવા બંધ કરો એટલે પાછા લક્ષણો શરૂ થવા માંડે છે.

Immuno therapy અથવા allergy shotsમાં જે વસ્તુની એલર્જી હોય એ વસ્તુને ઈન્જેક્શન (injection) દ્વારા શરીરમાં નાખવામાં આવે છે. બહુ ઓછા પ્રમાણથી લઈ ધીરે ધીરે વધારે પ્રમાણમાં જેથી વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ એ એલર્જી કરનાર પદાર્થથી ટેવાઈ જાય અને એ વસ્તુના સંપર્કમાં આવવાથી એલર્જીના લક્ષણો નહીં બતાવે. આ સારવાર અઘરી છે, કારણ કે એક તો દર અઠવાડિયે આ injection લેવા પડે વર્ષો સુધી અને ત્યાર પછી પણ ખાતરી નથી હોતી કે એલર્જી મટી જશે.

Homeopathy એલર્જીની સારવારમાં ઘણી અક્સીર પુરવાર થઈ છે, હોમીયોપેથીક દવાઓથી એલર્જી મટી શકે છે એ અસંખ્ય દર્દીઓમાં પુરવાર થઈ ચૂક્યું છે. અને મહત્વની વાત એ છે કે હોપીયોપેથીક દવાઓની આડ અસર નથી હોતી અને લાંબો સમય સુધી લઈ શકાય છે. હોમીયોપેથીક દવાઓ મૂળભૂત રીતે વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિને તંદુરસ્ત અને સુદૃઢ બનાવે છે. એટલે રોગપ્રતિકારક શક્તિને કારણે જેટલા પણ રોગો થાય છે એ બધાને હોમીયોપેથીક દવાઓ મટાડી શકે છે. વ્યક્તિની પ્રકૃતિ અને રોગ પ્રતિકારક શક્તિને સમજવા જરૂરી છે - દર્દીની સંપૂર્ણ માહિતી જેમાં - એલર્જીના લક્ષણો, ભુતકાળની માંદગીઓ અને તેને માટે લીધેલ સારવાર, વારસાગત માંદગીઓ, દર્દીની આદતો, શોખ, ગમા, અણગમા, સ્વભાવ વગેરેનો સમાવેશ થાય છે.

આ બધું જાણ્યા પછી દર્દીને હોમીયોપેથીક દવા અપાય છે. જે રોગને મટાડવામાં શરીરને મદદ કરે છે.

Spring, Summer, Fall વગેરે ઋતુમાં થતી શરદી, ખાંસી, શ્વાસ/દમની એલર્જી જે જુદા weedsથી, વાતાવરણના ફેરફારથી થાય છે. અને એ સીવાય ખાવાપીવાની વસ્તુઓથી, દા.ત. Peanut, Gluten (પીનટ, ગ્લુટન) વગેરેથી થતી એલર્જી માટે હોમીયોપથીમાં ચોક્કસ સારવાર છે.

ધીરજથી, ખંતથી અને હોમીયોપેથ કહે એટલો સમય દવા કરવી જેથી રોગ જડમૂળથી નીકળી જાય.

હોમીયોપથી બધા પ્રકારના રોગોમાં મદદરૂપ થઈ શકે છે. એટલે આપ જે કોઈ પણ રોગથી પીડાતા હો, આપ એકવાર મારી જોડે અથવા તમારા હોમીયોપેથ જોડે ચર્ચા કરો અને મને ખાતરી છે કે તમારા રોગમાં ચોક્કસ હોમીયોપેથીક દવા તમને મદદ કરશે.



Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email : homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7. [Hurontario + Dundas] [Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2. [Queen and Centre Street] [Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic:** 2761, Markham road, Aum Beauty Clinic, ON. M1X 1M4 [Markham road + Nashdene] [Wednesday 4 pm to 7 pm]

ગુજરાત ન્યુઝલાઈનની વેબસાઈટનું સરનામુ www.gujaratnewsline.ca
અમારી સાથે જાહેરખબર કરો અને તમારા બિઝનેસનું સૌથી વધારે માઈલેજ મેળવો...
ક્લાસિફાઈડ જાહેરાત
માત્ર $ 12
52 Pages Every Week
Highest No of Gujarati Writers from CANADA, GUJARAT & USA
EXCLUSIVE INTERVIEWS & INFORMATIVE ARTICLES
# 1 Newspaper for Gujarati Community in Canada
Canada's Biggest and Largest Free Distributing Gujarati Newspaper
કેનેડામાં ગુજરાતીઓનું ગૌરવ એટલે...
ગુજરાત ન્યૂઝલાઈન
INDO-CANADIAN GUJARATI COMMUNITY NEWSPAPER
GUJARAT NEWSLINE
Pl. call : LALIT SONI at 647 400 6248 for more info.